શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૯ • સળંગ અંક : ૪૧૮ • તા. ૧૩ જૂન થી ૧૯ જૂન ૨૦૨૬



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


KDO SANJIVANI

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની

# સંજીવની યોજના


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane (W),
Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# નિજાનંદી જીવન

જગતમાં બધુંય આપણી ઈચ્છા મુજબ આપણે કલ્પેલું કંઈ નથી થતું. તેથી જે કંઈ ઘટે છે, થાય છે તેમાં માણસે સંતોષ ને સમતા ભાવ રાખવો જોઈએ. સારો સમય હોય ત્યારે અભિમાન કે ગુમાન કરવાનો કોઈ કારણ નથી. જીત મળે ત્યારે ગર્વ અને હાર મળે તો હતાશ થવાની કોઈ જરૂર નથી. સફળતા મળે ત્યારે આ બધું મારા લીધે શક્ય બન્યું. હું ન હોત તો કશું થાત નહીં એવું માનવું અજ્ઞાની સમજ છે. આપણી પાછળ પણ અદૃશ્ય શક્તિઓ હોય છે. તેમાં પ્રભુની કૃપા, રહેમ ન હોત તો?

માણસ ભય અને ડરથી ગ્રસ્ત રહે છે. મનના છાને ખૂણે કોઈને કોઈ ડર ડોકિયાં કરી ભયભીત કરે છે. છાને છપને કરેલું પાપ છાપરે ચડીને પોકારે છે તેમ કોઈનું જાણી બૂઝીને કરેલું સહિત મનને ઘેરી લે છે. આ ડર બહાર દેખાતો નથી પણ ભીતરમાં ઘરબાયેલો રહી મનને હલબલાવે છે. કંઈક અજુગતું બન્યું કે મનમાં રહેલો છૂપો ભય પોત પ્રકાશે છે. ડર કે ભય, અઘટિત કલ્પના ભીતરમાં વસતી આશંકા મનને સ્થિર નથી રહેવા દેતી. કોઈને જીવન નિર્વાહનો, કોઈને માન હાનિનો, સ્વજન વિયોગનો, કે ધન સંપત્તિમાં નુકસાનાનો અથવા ભવિષ્યની સંભવિત આપદાનો ડર સતત સતાવ્યા કરે છે. આ બધી કાલ્પનિક લહેરો જીવને ઘડીભર જંપતા દેતી નથી. આથી મનમાં આશંક્તિ તરંગો રહ્યાં કરે છે. જેનું શમન કરવા વ્યક્તિ ધર્મનો આશરો લે છે. ડરનો કારણે ધર્મનું શરણ લઈ હાશ અનુભવે છે.

કલ્પિત ભયને દૂર કરવા જીવન પ્રત્યે સાચા અભિગમની અને સમજણની જરૂર રહે છે. કેવલ દ્રષ્ટિ બદલીએ તો રાગ દ્વેષ, લાલસા, તૃષ્ણા માનની કામના રહે નહીં. આસક્તિ ઓછી થઈ જાય તો ધીરે ધીરે ભયના વમળ શમી જાય છે. જે પછી શાંત થઈ જાય એટલે મારું શું થશે એ ભય રહેશે નહીં. જ્ઞાનીઓ કહે છે ભયને દૂર કરો અને નિડર બનો. ધર્મ અને સત્યને માર્ગે જવાનો આ સરળ રાહ છે. જીવનમાં બધું આપણને અનુકૂળ થાય એવું બનવાનું નથી. માટે અણગમતી કે અઘટિત ઘટનાઓમાંથી કાંઈક ગમતો અર્થ શોધી કાઢવો જોઈએ. ગમે તેવા સંજોગો હોય મનની પ્રસન્નતા જળવાઈ રહેવી જોઈએ. જીવનમાં નવા વળાંકો આવતાં રહે છે, આવતા રહેવાના આપણે ખૂલ્લી દ્રષ્ટિ રાખી સંભવિત જોખમોને ટાળતાં રહી સજાગ રહીએ. તો ય ઘણું બધું એકધારું સારું ચાલતું નથી. સપાટ, સરળ અને શાંત કંઈ એક સમાન રહેવાનું નથી. આજે જે ખરાબ પરિસ્થિતિ છે તે બદલી જવાની છે અને આજે સારી હાલત છે એ વિપરીત થવાની છે એની જાગૃતિ, સજાગતા આપણે રાખવી જોઈએ. માનવજીવમાં પરમત્વમાં શ્રધ્ધા રાખવાની ભાવના છે એટલે જ અન્ય જીવોથી તે અલગ છે, વેગળો છે. સજાગ, સચેત અને હોંશિયાર છે. હરપલ નિજાનંદમાં રહેતા માનવને ન ભૂતકાળની યાદ, ન વર્તમાનની ચિંતા કે ભવિષ્યકાળની કલ્પના કરવી ગમતી નથી.

– જય જ્ઞાતિમૈયા

# સમાજને સુધારવાની શરૂઆત સ્વથી કરવી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમાજ એટલે પરસ્પર સંબંધો, સહકાર અને આંતર ક્રિયાઓથી જોડાયેલા લોકોનો સમૂહ. આ સમૂહ માત્ર વ્યક્તિઓનો સરવાળો નથી, પરંતુ સામાજિક સંબંધો, સંસ્કૃતિ, સભ્યતા, પરંપરાઓ અને આત્મીયતા ભાવ સાથે નિયમોની એક અટપટી ગુંથણી છે. સમાજના સભ્યો વચ્ચે વિચારો, લાગણીઓ, વ્યવહારો અને સુખદુ:ખના પ્રસંગોની આપ લે થતી રહે છે. એક જ જ્ઞાતિ સમાજના લોકો મોટા ભાગે સમાન ભાષા રીતિ રિવાજો, મૂલ્યો અને જીવનશૈલી ધરાવતા હોય છે. ટાણે પ્રસંગે કે અનિવાર્ય પ્રસંગો એ એકબીજા પર રહે છે અને સહકારની ભાવનાથી જીવે છે. સૌ લક્ષ્મણરેખાની અંદર રહે એ કાજે દરેકના વર્તાવને નિયંત્રિત કરતા ધારા ધોરણ, ચોક્કસ નિયમો અને કાયદાઓ હોય છે. સામાન્ય રીતે એક જ સમાજના લોકો ચોક્કસ પ્રદેશ કે ભૌગોલિક સીમાઓમાં વસવાટ કરતો હોય છે. પણ હવે તો ઠેરઠેર વસતા જ્ઞાતિ સમાજના પરિવારો ઓનલાઈનથી સમાજની સાથે જોડાયેલા હોય છે. રીત રિવાજો, નિયમો, લાગાઓની જાણકારી રાખતો હોય છે અને ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગીદાર બની પોતાને સમાજનો એક અભિન્ન અંગ ગણે છે.

હું બદલાઈશ તો સમાજ બદલાશે. એ વિચાર માત્ર બોલવામાં નહીં, પરંતુ જીવનમાં ઉતારવામાં મહત્વનો છે. જો આપણે ખરેખર એક સારો સમાજ બનાવવો હોય તો આપણે બીજાની રાહ જોવાનું છોડીને પોતે જ શરૂઆત કરવી પડશે. સમાજની સિકલ બદલાવવા સ્વંય બદલવું જરૂરી છે. કારણ કે જ્યારે વ્યક્તિ બદલાય છે ત્યારે પરિવાર બદલાય છે. પરિવાર બદલાય ત્યારે સમાજ બદલાય છે અને સમાજ જ્યારે બદલાય છે ત્યારે દેશ આગળ વધે છે, પ્રગતિ કરે છે. આમ સર્વે પ્રકારે પરિવર્તન બહારથી નહીં પણ અંદરથી જ શરૂ થાય છે.

કોઈ સમૂહના સંગઠન કે સમાજમાં થોડી ઘણી સમસ્યાઓ હોય છે. જો દરેકે દરેક વ્યક્તિ પોતાની પવિત્ર ફરજ સમજ પોતાના સ્તરે થોડું ઘણું યોગદાન આપે, સમાજના નિયમો, ધારાધોરણનું યોગ્ય રીતે પાલન કરે તો મોટા પરિવર્તનો શક્ય બને છે. શરૂઆતે એક નાનું પગલું મોટા પરિવર્તન લાવી શકે છે. વ્યક્તિગત બદલાવ થવો એટલો આસાન નથી કારણ કે એ માટે આત્મચિંતનની જરૂર પડે છે. આપણને પોતાની ખામીઓ ઓળખવી પડે છે અને તેને સુધારવા માટે પ્રયત્નો કરવા પડે છે. રોજિંદા વ્યવહારમાં પણ આપણે સમય પાલન, ઈમાનદારી અને માનવતાને સ્થાન આપીએ તો એ બદલાવની અસર ધીમે ધીમે આપણી આજુબાજુના આસપાસના લોકોમાં પણ જોવા મળશે. આપણું એક સારું ઉદાહરણ અનેક લોકોને પ્રેરણા આપી શકે છે અને એ જ રીતે સકલ સમાજમાં સકારાત્મક પરિવર્તન ફેલાઈ શકે છે.


આજે લોકો મળે એટલે સમાજની ખામીઓની ચર્ચા કરવાનું શરૂ કરી દે છે. આજે સમાજના કામમાં ભલીવાર નથી. સમાજમાં સડો પેસી ગયો છે, સચ્ચાઈ ઘટી ગઈ છે. માનવીય વલણ રાખતા નથી. એ પ્રકારની ચર્ચા ઉગ્રપણે કરતા હોઈએ છીએ. પણ આપણે જો બધા પ્રશ્નોના મૂળમાં જઈએ તો સમજાય છે કે સમાજના ભાગરૂપે રહેલા આપણે પોતે જ જવાબદાર છીએ. સમાજ એ કોઈ અલગ સતા વ્યવસ્થા નથી. આપણે પોતે જ સમાજ છીએ. જો દરેકે દરેક વ્યક્તિ પોતાની જવાબદારી સમજી સકારાત્મક બદલાવ લાવે, સહકાર ભાવ ધરાવે. પોતે પોતાને સકારાત્મક રીતે બદલાવે તો સમાજને બદલતા વાર લાગવાની નથી.

## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 12,000.00 | 22,000.00 | 40,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 16,000.00 | 22,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 11,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની કેસ નં. ૨૩૬ માટે જરૂરી રકમ રૂા.૧ લાખ ક્રાઉડ ફંડિંગના માધ્યમથી ટૂંક સમયમાં જ જમા થઈ ગયા




કચ્છ સાંયરા હાલે નાસિકના ૬૬ વર્ષીય શ્રીમતી સુરેખા જયચંદ લોડાયાને જૂના બી/એલ યુરેટેટિક ડીજે સ્ટેન્ટને દૂર કરવા અને જમણા રેનલ કેલ્ક્યુલ્સ માટે યુરોલોજીકલ સર્જરીની જરૂર હોવાની ડોક્ટરોએ નિદાન કર્યું. તેણીને હાઈપરટેન્ટશન સાથે ક્રિએટિનાઈનમાં વધારો થયો હોવાનું નોંધાયું છે. જેની સારવાર ઈલાજ માટે ડોક્ટરોએ રૂા.૧ લાખનો અંદાજિત ખર્ચ થશેનું અનુમાન કરાયું છે.

તેઓ પતિ અને ૩૬ વર્ષીય પુત્ર સાથે રહે છે. પોતે ગૃહિણી છે જ્યારે પતિ છેલ્લા ૩ થી ૪ વર્ષથી નિવૃત્ત છે. પુત્ર અગાઉ ઘણાં વર્ષોથી મુલુંડ ખાતે એક કાફેમાં કામ પર હતો. કાફે બંધ થયા પછી અંદાજે દસ મહિનાથી નાની મોટી નોકરીઓ કરી રહ્યા છે. હવે છ માસથી તેઓ નાસિક ખાતે સ્થાયી થયાં છે અને ભાડાના ઘરમાં રહે છે. પુત્ર ત્યાં એક કાફેમાં રસોઈયા તરીકે નોકરી પર છે અને ભાડાના ઘરમાં રહે છે. ન્યૂનતમ વેતન રળે છે. પરિવારની કોઈ બચત નથી અને નથી કોઈ મેડિક્લેઈમનો પીઠબળ. આવી મુશ્કેલી ભરી હાલતમાં સારવાર માટે રૂા.૧ લાખ જમા કરવાનો પડકાર સામે આવ્યો. જેને ઉકેલવા લોડાયા પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને અકસીર યોજના સંજીવની અંતર્ગત અરજી સબ્મીટ કરી હતી. જેને કેસ નં.૨૩૬ ઓળખ આપી. ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

આજ સુધીના દરેકે દરેક સંજીવની કેસ સમયસર અને સરળતાપૂર્વક ઉકેલી શકાયા. તે પ્રમાણે સદર સંજીવની કેસ નં.૨૩૬ માટે જોઈતું ભંડોળ રૂા.૧ લાખ ક્રાઉડ ફંડિગ શરૂ કરાયાના ટૂંક સમયગાળામાં ઉદારદિલ જ્ઞાતિદાતાઓના સહયોગપૂર્ણ સાથથી પૂરેપૂરું જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. સંજીવની યોજનાની સફળતાનો સંપૂર્ણ શ્રેય વ્યક્તિગત દાતાઓ, મહાજન, મંડળ, ટ્રસ્ટ, એકમ અને સંસ્થાઓના ઉદાર ભર્યા અભિગમને લીધે સંજીવની અરજીઓની નાની-મોટી જરૂરિયાત સમયસર અને સુખરૂપ રીતે પૂર્ણ થાય છે. જે મદદ તાત્કાલિક રીતે અરજી કર્તા જ્ઞાતિ પરિવારોને પહોંચાડી દેવાય છે. જ્ઞાતિજનોના સંકટ સમયે સંજીવની યોજના ઉત્તમ સહાયક બની સાથ નિભાવે છે. જેનો પૂર્ણ શ્રેય ઉદારજન શ્રેષ્ઠીઓને છે. સૌ ઉદાર દિલ દાતાઓની ભરપૂર પણે અનુમોદના-અનુમોદના સાથે શત શત વંદના.

# સંજીવની કેસ નં.૨૩૭ માટે જરૂરી ભંડોળ રૂા.૮૩ હજાર ટૂંક સમય દરમ્યાન ક્રાઉડ ફંડિગના માધ્યમથી જમા થઈ ગયા




મૂળ ગામ જખૌ હાલે ડોંબિવલી રહેતા ૪૭ વર્ષીય બિપિન લાલજી મોમાયાને અસહ્ય માથાનો દુ:ખાવો, ઝાંખી દ્રષ્ટિ અને મૂંઝવણ અવસ્થાને લીધે હોસ્પિટલમાં ભરતી કરાયા. ડોક્ટરોએ સેગિટલ સાયનસ થ્રોમ્બોસિસ હોવાનું નિદાન કર્યું. મગજમાં લોહી કાઢતી મુખ્ય નસમાં લોહી ગંઠાઈ જવાને લીધે આ પરિસ્થિતિ ઉદ્દ્ભવે છે. સારવાર ઈલાજ માટે રૂા.૮૩ હજારનો ખર્ચ હોવાનો અંદાજ અપાયો. સાડી સેન્ટરમાં સેલ્સમેન તરીકે જોબ કરતાં દર્દી પત્ની અને બે બાળકો સાથે રહે છે અને લઘુતમ વેતન રળે છે. પત્ની ઘરેઘર રસોઈ કામ માટે જાય છે અને કપડા સીવવાના અને ઓલ્ટ્રેશનના કામ કરે છે. પરિવારનો કોઈ મેડિક્લેઈમ નથી. આવી મૂંઝવણ ભરી પરિસ્થિતિમાં સુખરૂપ ઉગારો થાય એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી મૂકી. જેને કેસ નં.૨૩૭ની ઓળખ આપી ક્રાઉડ ફંડિગ ઓપન કરાયું.

ક્રાઉંડ ફંડિગ શરૂ કરવાના ટૂંક સમયગાળામાં જોઈતું ભંડોળ એકઠું થઈ જતાં ક્રાઉડ ફંડિગ થંભાવી દેવાયું. આજ સુધીના દરેકે દરેક સંજીવની કેસ માટે જ્ઞાતિના ઉદારદિલ અને માનવતાની મિસાલ દર્શાવતા વ્યક્તિગત દાતાઓ, મહાજન ટ્રસ્ટ, મંડળ એકમો એ જે પ્રકારે પોતાની ફરજ સમજી જ્ઞાતિ બાંધવોને હાથ સાથ આપી હૂંફ આપી છે. જે ઉદાહરણ રૂપ છે. સ્વ કમાઈની લક્ષ્મીને પરમાર્થ કાજે ઉપયોગમાં લઈ મહાલક્ષ્મી તરીકે સ્થાપિત કરનારા એ સૌ ઉદારદિલજનોની આભાર વંદના અને શત શત અનુમોદના.

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 238

## DONATION CLOSED

## Mr SUNIL LAXMICHAND NAGDA

Age 66 Yrs., Dombivali, Kutch- Naliya

**Hospitalised for Megaloblastic Anemia with Thrombocytopenic Purpura with Rupture Urethra. He underwent surgery. Cystoscopy Visual Internal Urethrotomy +Primary Endoscopic Re alignment with Blood transfusion.**




**DONATION CLOSED**

**Rs 2 LAKH**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

॥ श्री चंद्रप्रभ स्वामिने नमः ॥

PAN No. : AAATK4450E Regd. No. : A1646 (Kachchh)

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ**

સ્થાપિત અને સંચાલિત

# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન

## (નલીયા)

શ્રી નલીયા અને તેના વાડાના ગામવાસી જ્ઞાતિજનો, યુવાજનો,
નિયાણી બહેનો, દાતા પરિવારો તથા આમંત્રિત મહેમાનો સહપરિવારને
શ્રી ચંદ્ર પ્રભ જૈન અતિથિ ભવન-નલીયા
આજે ગૌરવપૂર્ણ સેવાના ૨૫ વર્ષ (રજત જયંતિ વર્ષ) પૂર્ણ થાય છે.
તે નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પધારવા આપ સૌને

## નેહભર્યું નિમંત્રણ...

નૂતન અતિથિ ભવન, નૂતન ઉપહાર ગૃહ અને
જૂની વિંગનું નૂતનીકરણ ના લોકાર્પણ નિમિત્તે
ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવવા ચડાવા લેવામાં આવશે.

**:: શુભ દિવસ-સમય ::**

સં. ૨૦૮૨ જેઠ સુદ ૭ રવિવાર, તા. ૨૧-૦૬-૨૦૨૬
સવારે ૯.૦૦ થી ૨.૦૦ક.

**:: શુભ સ્થળ ::**

ભાનુશાલી બેન્કવેટ
તિલક રોડ, ઘાટકોપર (ઈ.), મુંબઈ ૪૦૦ ૦૭૭.

**:: મુખ્ય અતિથિ ::**

**શ્રેષ્ઠીવર્ય શ્રી નયનભાઈ અશોક ભેદા**
પ્રમુખ : શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
પ્રમુખ : શ્રી અખિલભારત અચલગચ્છ વિધિપક્ષ શ્રે. જૈન સંઘ

**:: કાર્યક્રમ સૂત્ર સંચાલન ::**

શાસનરત્ન નવકારમંત્ર આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** તથા
**શ્રી મેઘભાઈ નંદુ** તથા સાથી કલાકારો

સૌને સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.


**:: નિમંત્રક ::**

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન નલીયા વતી
સકારાત્મક સંગઠનના સાથીઓ

ચેરે પાર્કિંગ

UPASANA - 9820167767

# ભાવભરી આદરાંજલિ



## શ્રી હીરાલાલ હંસરાજ પરબત ડાઘા ઉ. વર્ષ ૬૮

(વરાડીયા – માટુંગા)

ગુરૂવાર તા. ૧૧ જૂન ૨૦૨૬ ના ગઈ કાલે અરિહંત શરણ થયેલ છે.

આપનો જ્ઞાતિ અને ગામ પ્રત્યેનો અપાર સ્નેહ, સુમેળભર્યું વ્યવહાર,
ધર્મ પ્રત્યેની અતુટ શ્રધ્ધા, સેવાની સુવાસ ક્યારેય ભુલાશે નહીં
એજ આપના હસતા, સેવાના તારણહાર ચેહરાને
અમો ક્યારેય વીસરી શકીએ તેમ નથી.

આપની જ્ઞાતિદાજની યાદગીરીના પુષ્પો રૂપી સુકૃતોના
અભિષેક અર્પણ કરીએ છીએ.

**–: શોકાતુર પરિવાર :–**

**કલ્પેશ માણેકજી મોતા પરિવાર** (રાપર ગઢવારી, કચ્છ)
**મુકુંદ મણીલાલ મોમાયા પરિવાર** (સુથરી, કચ્છ)
**હિતેશ ભોજરાજ નાગડા પરિવાર** (રાપર ગઢવારી, કચ્છ)
**અમિત શાંતિલાલ મોમાયા પરિવાર** (વરાડીયા, કચ્છ)
**જગત ચંદુલાલ ધરમશી પરિવાર** (સુથરી, કચ્છ)

# શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે નવાણું યાત્રાના સંઘપતિ પરિવારો દ્વારા અપાયેલ માતબર રકમના દાનની તકતીનું અનાવરણ કરાયું



શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે ૫૦૦૦ થી વધુ ઉપવાસી તપના તપસમ્રાટ, સજોડ શાસન પ્રભાવક, પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૨૫ મા વર્ષીતપની અનુમોદનાર્થે ગિરનાર નવાણું યાત્રા સંઘપતિ પરિવારો ૨૦૨૫ તરફથી માતબર રકમનું દાન વૈયાવચ્ચ ફંડમાં આપવા આવ્યું. જેની તકતીનું અનાવરણ પ.પૂ આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિજી મ.સા. પ્રવર્તક મુનિ પ.પૂ.શ્રી પુણ્યોદયસાગરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની પરમ નિશ્રા તથા બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડા સહિતના વિશાળ સંખ્યામાં પધારેલ શ્રાવકોની આત્મીય ઉપસ્થિતિમાં કરાયું.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

## ભાવભરી આદરાંજલિ



## શ્રી હીરાલાલ હંસરાજ પરબત ડાઘા ઉ. વર્ષ ૬૮

(વરાડીયા – માટુંગા)

ગુરૂવાર તા. ૧૧ જૂન ૨૦૨૬ ના ગઈ કાલે અરિહંત શરણ થયેલ છે.

શબ્દો નથી સુજતા અમને, શું લખીએ શ્રધ્ધાંજલિ માં
સમાજ જેમનું મંદિર હતું, અને પરિશ્રમ હતુ એમનું કર્તવ્ય.
સચ્ચાઇનો નથી થતો સ્વીકાર, તમારા વિના છે સૂનો સમાજ.
આપના સદ્‌ગુણો, સંસ્કારો અને આત્મબળ દરેકમાં રહે,
એવી ભાવના સાથે ભાવભરી શ્રધ્ધાંજલિ.

પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે અને આપને
પોતાના ચરણોમાં સ્થાન આપે તેવી હાર્દિક પ્રાર્થના.

–: શોકાસર પરિવાર :–

### માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર

(રાપર ગઢવારી, કચ્છ)

# શ્રદ્ધાંજલિ



## સ્વ. હીરાલાલ હંસરાજ પરબત ડાઘા

**(સ્વર્ગવાસ : તા.૧૧-૦૬-૨૦૨૬)**

તેમનું જીવન અમારી માટે પ્રેરણા હતું,
તેમના આદર્શો અમારા માટે માર્ગદર્શન સમાન હતા,
તેમનું સરળ જીવન, દયાળુ સ્વભાવ,
ભાવનાશીલતાને અમે ક્યારેય નહીં ભૂલીએ,
પરમાત્મા તેમની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**-:: શ્રદ્ધાસુમન ::-**

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર

**ટ્રસ્ટીગણ તથા ભાવિક ભક્તજનો**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



ઉ.વ. : ૬૮

અરિહંત શરણ : ૧૧-૦૬-૨૦૨૬

# સ્વ. હીરાલાલ હંસરાજ પરબત ડાઘા

**ગામઃ વરાડીયા ♦ હાલઃ માટુંગા**

**આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ,**
**સદા હસતો ચહેરો, પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે.**
**તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં**
**પરમ શાંતિ પામે એ જ અંતઃકરણપૂર્વક પ્રાર્થના.**

-:: શ્રદ્ધાસુમન ::-

**જયેશ વિજય મોમાયા (સાંયરા-માટુંગા)**

NIHAL LOGISTICS
DEV TRANSTRADES
NIDE ENTERPRISES

# શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી દ્વારા ૪૮મો શૈક્ષણિક સન્માન સમારોહ યોજાયો





શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા ૪૮મો શૈક્ષણિક સન્માન સમારોહ સંવત ૨૦૮૨, જેઠ વદ આઠમ (૮), રવિવાર, તા. ૭ જૂન ૨૦૨૬ના રોજ ડોંબિવલી પૂર્વ સ્થિત માધવાશ્રમ એસી હોલમાં સવારના ૧૦.૦૮ કલાકે ૨૦૭થી અધિક જ્ઞાતિજનોની હાજરીમાં ભવ્યાતિભવ્ય અને સફળતાપૂર્વક યોજાયો.

કાર્યક્રમની શરૂઆતમાં મંડળના માનદમંત્રી અનુજ ગિરીશ લોડાયા (રવા) દ્વારા પધારેલા સર્વે મહેમાનોનું હાર્દિક સ્વાગત કરી આજના કાર્યક્રમની માહિતી અપાઈ હતી.

લાભાર્થી પરિવારો, આમંત્રિત મહેમાનો મુકેશભાઈ મોતીલાલ દેવજી લોડાયા, બિપીનભાઈ પાશ્વીર નાગડા,મુંબઈ મહાજનના ઉપપ્રમુખ વિરેન્દ્રભાઈ ભવાનજી લોડાયા, મંડળના પ્રમુખ મહેન્દ્ર મેઘજી મોતા, ઉપપ્રમુખ ચેતન લહેરચંદ નાગડા, શૈક્ષણિક ચેરપર્સન મનિષ પ્રવિણચંદ્ર કાંકણ તેમજ મંડળના પદાધિકારીઓ દ્વારા શ્રી સરસ્વતી માતાજીના ફોટા સમક્ષ દીપ પ્રાગટ્ય અને અગરબત્તી કરી છબીને હારારોપણ કરવામાં આવ્યું હતું.

શ્રી નવકાર મંત્રનું પઠન શ્રીમતી મનીષાબેન હરેશ મોમાયા (સાંયરા) અને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

લોંગબુક મુખપૃષ્ઠના દાતા : માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવારના મુકેશભાઈ મોતીલાલ લોડાયા (મોટી ખાવડી-ઘાટકોપર). શૈક્ષણિક ઇનામના દાતા : પાશ્વીર વીરજી નાગડા તથા માતુશ્રી મોંઘીબાઈ પદમશી લોડાયા પરિવારના બિપીનભાઈ પાશ્વીર નાગડા (રંગપુર-મુલુંડ-ભિવંડી). શાળા ગણવેશના દાતા : નિરંજન કેશવજી મોમાયા પરિવાર (વરાડીયા-મુલુંડ). વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બેગના દાતા : માતુશ્રી રતનબેન પદમશી દંડ પરિવાર (લાલા- ઈન્દોર). લોગબુકમાં અંદરના પાને જાહેરાતના દાતા : જેઠાભાઈ ડુંગરશી ગ્રુપ ઑફ કંપની (મસ્જિદ બંદર) અને માતુશ્રી ચંદનબેન ઠાકરશી પોલડિયા પરિવારના ધવલ હિરાચંદ પોલડિયા.(ડુમરા-ડોંબિવલી). શૈક્ષણિક ઉપકરણોના દાતા : ચિ. જીયા, ચિ. પ્રથમ અને ચિ. વેદિકા રાહુલ નાગડા પરિવાર

કાર્યક્રમમાં હાજર રહેલા લાભાર્થી પરિવારોને મંચસ્થ કરી બેગમાં બટવાની અંદર (એલચી, ગુંદર, તજ, લવિંગ, સૂંઠ) ઘર ઉપયોગી વસ્તુઓ આપી એમનું સન્માન મંડળના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. લાભાર્થી પરિવારોએ એમના વક્તવ્યમાં સમય, સંસ્કાર, શિસ્ત અને શિક્ષણના મહત્વ પર પોતાના વિચારો રજૂ કરી મંડળની પ્રવૃતિઓને બિરદાવી હતી. અમે મંડળની સાથે હતા,છીએ અને હરહંમેશ સાથે રહેશું.

મંડળના પ્રમુખશ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વાડાપધર) એ જ્ઞાતિજનોને આવકાર આપી મંડળમાં ચાલતી વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોની વિસ્તૃત માહિતી તેમજ વિવિધ પ્રોગ્રામો વિશે માહિતી આપી હતી.

લાભાર્થી પરિવાર દ્વારા લોંગબુક, ગણવેશ, દફતર તથા શૈક્ષણિક ઉપકરણોનું વિમોચન બાદ વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમના પ્રથમ તથા દ્વિતીય ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને ટ્રોફી, પ્રમાણપત્રની સાથે બટવામા (એલચી, ગુંદર, તજ, લવિંગ, સૂંઠ) આપી સન્માનિત કરી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

હિરાચંદભાઈ દંડ તરફથી દસમા ધોરણમાં પ્રથમ આવનારને રૂપિયા ૨૧,૦૦૦/-નું ઈનામ વાર્ષિક સ્નેહમિલન સમારોહમાં આપવામાં આવશે.

નોટબુક તેમજ જનરલ ફંડમાં રૂ.૫,૦૦૦ના સહયોગી દાતાઓનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ નામો મેળવવા પ્રમુખ મહેન્દ્રભાઈ મેઘજી મોતા (વાડાપધર), શ્રીમતી મનીષાબેન હરેશ મોમાયા (સાંયરા) તથા મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ મહેનત કરી જેના કારણે નોટબુકના ભાવ રૂપિયા ૨૦૦/- પ્રતિ ડઝન રાખવામાં આવ્યા છે.

# શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી દ્વારા ૪૮મો શૈક્ષણિક સન્માન સમારોહ યોજાયો





નોટબુકના મુખપૃષ્ઠની ડિઝાઇનનું કાર્ય મનિષભાઈ કાંકણ, ડી.ટી.પી.ચિંતન ગ્રાફિક અને નોટબુકોનુ પ્રિન્ટીંગ કેવલ રાજેન્દ્ર મૈશેરી (જખૌ-મુલુંડ) દ્વારા કરાવવામાં આવ્યું છે.

ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ હેમાંગભાઈ ધરમશી, હિરાચંદભાઈ દંડ, મોતીચંદભાઈ ખોના એડમિશનની પ્રક્રિયાને કારણે હાજર રહી શક્યા ન હતા.

કમલેશભાઈ વિકમશી, નિલેશભાઈ વિકમશી, જયેશભાઈ જૈન, કિરીટભાઇ લાપશીયા, નરેશભાઈ મોમાયા, શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા સહ રાજેશભાઈ લોડાયા (દોસ્તી ગ્રુપ) મંડળ તરફથી આભાર વ્યક્ત કરવામા આવ્યો એમણે શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનું સંચાલન માનદમંત્રી અનુજ લોડાયા (રવા), સહ માનદમંત્રી ધવલ ઉમેશ ખોના (સાંધવ), તથા શૈક્ષણિક સમિતિ ચેરપર્સન મનિષ પ્રવિણચંદ્ર કાંકણ (સાંધાણ) દ્વારા સરળ રીતે કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૬-૨૭ મંડળનું શૈક્ષણિક સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું. આ માટે સંપૂર્ણ તૈયારી શૈક્ષણિક ચેરપર્સન મનિષ પ્રવીણચંદ્ર કાંકણ (સાંધાણ) તથા મંડળના સર્વે સભ્યોએ સમયસર સુંદર રીતે કરી હતી.

શૈક્ષણિક કાર્યક્રમની ક્ષણોને અદભુત રીતે ક્લીક બેસ્ટ કવરેજના શ્રી યોગેન્દ્ર કિશોર લાલકા (વાડાપધર) દ્વારા કરવામાં આવી હતી.

શ્રી મુંબઈ મહાજનનું લાગા કાઉન્ટર રાખવામાં આવ્યું હતું.

પધારેલા સર્વે જ્ઞાતિજનો માટે સ્વાગતમાં ઠંડું પીણું કેસર એલચી યુક્ત કેરી પનો તેમજ બપોરના સાધર્મિક ભક્તિમાં સ્વાદિષ્ટ, ગરમાગરમ રસોઈની વ્યવસ્થા માધવાશ્રમના અતુલ કુલકર્ણી દ્વારા કરવામાં આવી હતી.

આભાર વિધિ મંડળના ઉપપ્રમુખ ચેતન લહેરચંદ નાગડા (નલિયા) દ્વારા લાભાર્થી પરિવારો, મહેમાનો, કાર્યકરો, સભ્યો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ દરેકનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ સમાચાર અહેવાલ શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી શૈક્ષણિક ચેરપર્સન મનિષ પ્રવીણચંદ્ર કાંકણ (સાંધાણ) દ્વારા.



## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



# કેડીઓ સંજીવની

## માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

### બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક** at par **મુંબઈ હોવા જોઈએ.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન થી ઓગસ્ટ થી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૨૦ જૂન ૨૦૨૬ | શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ,કોઇમ્બતુર સંચાલિત શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલયઃ ૧૧મો ધ્વજારોહણ મહોત્સવઃ પાવન નીશ્રા : ડો.પૂ. હર્ષનીધીશ્રીજી મ. સા. આદિ ઠાણા : લાભાર્થી : શ્રી પ્રફ્ફુલ ઉમરશી મોતા પરીવાર. |
| ૨૦/૨૧ જૂન ૨૦૨૬ | કેડીઓ યંગ બ્રિગેડ - ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત ૧૬ થી ૩૮ વર્ષના ક.દ.ઓ યુવાનો માટે The 7th Sky Pawna Lake Camping તથા ઇન્ટરનેશનલ યોગા દિવસ ઉજવણી. રજી.સંપર્ક- ૮૨૯૧૪૫૩૭૨૦, ૯૩૨૧૪૪૯૩૨૩ |
| ૨૧ જૂન ૨૦૨૬ | શ્રી ચંદ્રપ્રભ અતિથિ ગૃહ રજત જયંતિ મહોત્સવ - ભાનુશાલી બેન્ક્વેટ હૉલ, ઘાટકોપર સવારે ૯ કલાકે. |
| ૨૧ જૂન ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત જૈનત્વની કથા શ્રેણી -૨. પ્રસ્તુતી પંડિત વર્ય શ્રી વિશાલભાઇ ધરમશી. સ્થળ : પર્લ બેન્ક્વેટ, આશા નગર, મુલુંડ પ. સવારે ૯.00 ક. થી |
| ૨૧ જૂન ૨૦૨૬ | શ્રી સમસ્ત કુરૂવા પરિવાર આયોજિત કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી તથા શ્રી વાછરા દાદાની પ્રથમ પહેડી દાતા. મા. વિમલાબેન હીરાચંદ કુંવરજી કુરૂવા (ગોધરા-મુંબઇ). મેવાડ હોલ, ભાંડુપ, સવારે ૮.૩૦ ક.થી. |
| ૨૩-૨૫ જૂન ૨૦૨૬ | શ્રી જખૌ તીર્થ શ્રી મહાવીર સ્વામી જિનાલય ૧૭૮ મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ |
| ૨૫-૨૭ જૂન ૨૦૨૬ | નાની ખાવડી-શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય : ૧૧મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ. તથા નૂતન ઉપાશ્રય ઉદઘાટન તથા નૂતન અતિથિ ગૃહ ખનન વિધિ. |
| ૨૮ જૂન ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત જૈનત્વની કથા શ્રેણી -૩. પ્રસ્તુતીઃ પંડિત વર્ય વિશાલભાઇ ધરમશી. સ્થળ : પર્લ બેન્ક્વેટ, આશા નગર, મુલુંડ પ. સવારે ૯.00 ક. થી |
| ૦૩ જુલાઈ ૨૦૨૬ | શ્રી મંજલ રેલડીયા જૈન સંઘ દેરાસર સંકુલમાં ગુરૂ ગુણોદય મંદિર તથા ઉપાશ્રયના ખનન / શિલારોપણ |
| ૦૫ જુલાઈ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત જૈનત્વની કથા શ્રેણી-૪. પ્રસ્તુતી પંડિત વર્ય વિશાલભાઇ ધરમશી. સ્થળ : પર્લ બેન્ક્વેટ, આશા નગર, મુલુંડ પ. સવારે ૯.00 ક. થી |
| ૧૨ જુલાઈ ૨૦૨૬ | અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગર સાગર સુરીશ્વરજી મ.સા. આદી ઠાણાઓનો ચાતુર્માસ પ્રવેશ-અનંત સિધ્ધિ, ભાંડુપ. |
| ૨૧ જુલાઈ ૨૦૨૬ | નલિયામાં ખોના ફળિયામાં બિરાજમાન ખોના પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની સમૂહ નૈવેધ પ્રસાદ પહેડી સવારના ચડતે પહોરે, નલિયા સ્થાનકે. |
| ૨૪-૨૬ જુલાઇ ૨૦૨૬ | શ્રી કચ્છી ઓશવાળ જૈન એસોશિએશન નોર્થ અમેરીકા આયોજિત સ્નેહમિલન : ન્યુ જર્સી, અમેરિકા. |
| ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ | શ્રી વરાડીયા તીર્થઃ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય ૧૨૪ મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ |
| ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ તરફથી નર્સરીથી ધો. ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય : વી.એલ.વી.જી., ઘાટકોપર. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ. |

# શ્રી તેરા મહાજનવાડીમાં દાતા તરફથી નવું કૂલર સપ્રેમ ભેટ અપાયું




શ્રી ક.દ.ઓ મહાજનવાડી સંકુલમાં પીવાના પાણી માટેનું કૂલર હતું. જે તાંત્રિક બગાડાને કારણે બંધ પડી જતાં નવું નકોર કૂલર માતુશ્રી માંકબાઇ નવિનચંદ્ર ખેતશી મૈશરી કુવાપધ્ધરવાળા હસ્તે ધીરેનભાઇ વડોદરા તરફથી નવું ખરીદીને મહાજનવાડીને સપ્રેમ ભેટ આપ્યું. અગાઉનું કૂલર પણ તેમના તરફથી ભેટ સ્વરૂપે મળેલ હતું. તેરા મહાજન તરફથી દાતાનો આભાર માની અનુમોદના કરવામાં આવી હતી.

ઉનાળાના આકરાતાપમાં મહાજનવાડીની મુલાકાતે આવતા સૌને શીતલ જલ પાનની વ્યવસ્થા રાહત ભરી સુવિધા પ્રદાન કરે છે. તા. ૯ જૂન મંગળવાર દિને નવું કૂલરનું સ્થાપન કરાયું અને સેવા ઉપયોગમાં લેવાયું છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચેતનાબેન છેડા**
તા. ૦૭ જૂન (ઉ.વ.૭૪)
સુથરી – અંબરનાથ



**હંસાબેન શાહ**
તા. ૦૯ જૂન (ઉ.વ.૮૫)
સુથરી – ખાર



**હીરાલાલભાઈ ડાઘા**
તા.૧૧ જૂન (ઉ.વ. ૬૮)
વરાડિયા – માટુંગા



**નીતિન મૈશેરી**
તા.૦૭ જૂન (ઉ.વ. ૪૪)
નાની સિંધોડી–જાલના

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અમદાવાદમાં ઓલ ઇન્ડિયા ઓપન ચેસ સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં કચ્છમાંથી નેશનલ ઇન્સ્ટ્રકટર અને નેશનલ આરબીટર સંજય વેલજીભાઇ દાવડા અને હર્ષ પરેશભાઇ રૂપારેલ એરના માસ્ટર અને નેશનલ આર્બીટરની સ્પર્ધાના આર્બીટર તરીકે પસંદગી કરાઇ છે. સંજય દાવડા  ઘણા સમયથી ઓનલાઇન તેમજ ઓફલાઇન ચેસ સ્પર્ધા યોજી વિધાર્થીઓને પ્લેટફોર્મ આપવાનુ કાર્ય કરે છે. જયારે હર્ષ રૂપારેલ ચેસ કોચિંગ અને દરેક સ્પર્ધા ઓની માહિતી આપી વિધાર્થીઓને પ્રોત્સાહન આપે  છે. કચ્છમાંથી પ્રથમવાર આવી પ્રસંદગી થઇ હોવાનું કહેવાયું છે.

● કચ્છ ઇકોનોમિક ઝોનના વિકાસની ૨૦૪૭ ની પરિયોજના તથા ભાવિ પ્રકલ્પોને કેન્દ્રમાં રાખીને ઇન્ફાસ્ટ્રકચના વિકાસ માટે સરકાર દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. મુંદરા મહાબંદરને જોડતા ગળપાદર–મુંદરા ધોરીમાર્ગને ૧૮૧૭ કરોડ ના ખર્ચે છ માર્ગી ય બનાવવા માટે નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા ટેન્ડર સહિતની ગતિ વિધિ હાથ ધરાઇ છે. મહાબંદર મુંદરા તથા પ્રવાસન સ્થળ માંડવીને જોડવા માટેના મહત્વપૂર્ણ આ ચાર માર્ગીયમાંથી છ માર્ગીય બનાવવા માટે ૭૧ કિલોમીટરના આ માર્ગના નિર્માણ માટે બે વર્ષ લાગશે.

● અંજાર વિસ્તારથી પ્રથમવાર ધારાસભ્ય બનેલા અને રાજ્યના ઉચ્ચ ટેકનિકલ શિક્ષણમંત્રી ત્રિકમભાઇ છાંગા એ વિધાન સભામાં પ્રશ્નોના જવાબ કાગળનો એક ટુકડો પણ હાથમાં રાખ્યા વિના કડકડાટ જવાબો આપ્યા હતા. વાંચ્યા વગર જવાબ આપવાના આત્મવિશ્વાસથી પ્રભાવિત થઇ વિધાનસભા અધ્યક્ષએ તેમને અભિનંદન આપ્યાં હતા. ભુજ શહેરના સ્વામિનારાયણ વિધાલયમાં શિક્ષક અને પછી આચાર્ય તરીકે ફરજ બજાવી ચૂકેલા કચ્છી મંત્રી જિલ્લા પંચાયતના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી ચૂકયા છે.

● રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ફેબ્રુ માસના અંતિમ દિવસે રાજસ્થાનના જેસલમેર સ્થિત ભારતીય વાયુદળના મથકેથી સ્વદેશી હેલિકોપ્ટર પ્રચંડમાં ઉડાન ભરી. સહપાઇલટ તરીકે કોકપીટમાં બેસીને ઉડાન ભરનાર દ્રોપદી મુર્મુ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. આ પ્રસંગ કચ્છ માટે વિશે ગૌરવનો બન્યો હતો કે પ્રચંડ હેલિકોપ્ટર ઉડાન ભરાવનાર પાઇલટ મૂળ કચ્છ તુંબડીના નયનભાઇ બહુઆ આ સાહાસિક સફરમાં રાષ્ટ્રપતિ સાથે પાઇલટ તરીકે જોડાયા હતા. નયન બહુઆ ઓપરેશન સિંદૂર વખતે કચ્છમાં આવ્યા હતા.

● સનાતન સંસ્કૃતિમાં ગાયને માતા કહી છે. તેનું પૂજન થાય છે પણ તેના સંતાન વાછરડાને એટલે કે નંદીને રસ્તે રઝળતો કરી દેવામાં આવે છે. પરિણામે ભૂખ તરસ કે અત્યાચારથી મોતને ભેટે છે. આવી દયાજનક પરિસ્થિતિ નિવારવા કચ્છ માંડવી તાલુકાના મોટા ભાડિયાના ખેડૂત રાણશીભાઇ જેઠા ગઢવી એકલા હાથે નંદી શાળા શરૂ કરી છે. જેમાં શરૂઆતથી જ ૪૦ નંદીને આશરો આપાયો છે. એક એકર જગામાં આનંદી શાળામાં મોટા ભાડિયા, નાના ભાડિયા, શેખાઇ બાગ અને ત્રગડી આ ચારગામના નંદીને અત્રે આશરો આપવામાં આવશે. નંદીઓ માટે આહાર, પાણી અને શેડની વ્યવસ્થા કરાઇ છે.

● માંડવી તાલુકાના મસ્કા ગામની તથા મુંબઇ વર્સોવામાં રહેતા ગીતાબેન કનૈયાલાલ મોતાની પુત્રી ભૂમિ સૌરાષ્ટ્ર અમરેલીમાં વિઝન ફલાઇંગ  ઈન્સ્ટિટ્યૂટમાં પાઇલટ બનવાની તમામ પરીક્ષાઓ પાર કરીને કચ્છ રાજગોર સમાજમાં પ્રથમ મહિલા પાઇલટ બનવાની સિધ્ધિ મેળવી છે.

● દીકરી જન્મ એ પરિવાર માટે શાપરૂપ ઘટના નહીં પણ ગૌરવપૂર્ણ સહર્ષ ઘટના છે. એવું આજે ગ્રામીણ વાસ્તવિકતા એ સાબિત કહ્યું છે. કચ્છ જિલ્લામાં ૧૦ ગામમાં મોટા આંગિયા, કુનરિયા, ભુટકીયા, વાડાસર, રામપર રોહા, મથલ, દેવપર યક્ષ, ટોડિયામાં દીકરીઓના નામથી ઘરનું સરનામું શોધવામાં આવે છે. મોટા આંગિયા નાં ૩૦ ઘર એવા છે જેમાં દીકરીનાં નામની નેમપ્લેટ લાગી છે. જે એ ઘરને દીકરી ઘર તરીકે જાહેર કરે છે. અને આમ કરતાં આખું ગામ કચ્છનું પ્રથમ અને સમ્રગ ગુજરાતમાં દીકરી ગામ તરીકે જાહેર થઇ ગયું. માંડવી તાલુકાનું મસ્કા ગામમાં ૧૫૦ ઘર દીકરીનાં નામે ઓળખાય છે. જે ઘરે દીકરી નથી તો વહુ (દીકરી)નાં નામની નેમપ્લેટ લગાડવામાં આવી છે.

# ગુર્જરમાત
## ફન કલબ

A-4 બુક
A-5 બુક




લોંગ બુક
જમ્બો બુક


## વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર

**72 પેજ, 140 પેજ અને 172 પેજીસ**

**એક ડઝન પર એક ડઝન ફ્રી નોટબુક**

**BUY 1 GET 1 FREE**

B-3, Krishna Kunj, Valji Laddha Road, Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).




**Contact : 98690 05403 / 93222 57731**